## જ્ઞાનવારિધિ ગુરુવર્ય : તપોમૂર્તિ ધર્માત્મા : આગમપ્રભાકર

# પૂજ્ય મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી મહારાજ

અહિંસાલક્ષી જીવનસાધના અને સત્યલક્ષી જ્ઞાનોપાસના એ જ જીવનને સત્–ચિત્–આનંદમય બનાવવાનો ઉપાય છે. જે સાધના અહિંસા અને કરુણાનું માર્ગદર્શન ન કરે તે સાચી જીવનસાધના નહીં; અને જે ઉપાસના જીવનનાં સત્યો પારખવાની-પામવાની શક્તિ ન આપે તે જ્ઞાનોપાસના નહીં. પ્રાતઃસ્મરણીય આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ આવા જ એક મહાન જીવનસાધક ધર્મપુરુષ હતા. તેઓશ્રીનું જીવન ધર્મની સર્વ મંગલકારી ભાવનાઓથી સુરભિત અને જ્ઞાનની જ્યોતિથી પ્રકાશિત હતું. પૂજ્યશ્રીના પરિચયમાં આવનાર એક ક્ષણ તો વિમાસી રહેતા કે, આ મહાપુરુષની સાધના વધે કે વિદ્વત્તા વધે? અને બીજી જ ક્ષણે તેઓશ્રી સાધુતા અને વિદ્વત્તાની સમન્વયમૂર્તિ સમા મહાપુરુષ રૂપે છવાઈ જતા. શ્રી આગમપ્રભાકરજી મહારાજના યશોજ્જવલ વ્યક્તિત્વનો વિચાર કરીએ તો તેમનામાં દુર્વૃત્તિના ત્યાગ અને ગુણગ્રહણની તત્પરતાનાં દર્શન થાય છે. તેમણે જીવનમાંથી વૈર, હિંસા, નિંદા, ઈર્ષા, અહંકાર, મોહ, પ્રમાદ, દંભ આદિ દુર્ગુણોને તિલાંજલિ આપી હતી; અને વિનય, વિવેક, વિનમ્રતા, મૈત્રી, કરુણા, પરમાર્થ, તપ, સાધના, જ્ઞાનોપાસના, સચ્ચારિત્ર, વત્સલતા, સરળતા, સંયમ, તિતિક્ષા આદિ ગુણોની સ્વીકૃતિ કરી હતી. એવા એ ગુણગરવા સાધુવર તપ, જ્ઞાન અને કળાના ત્રિવેણીસંગમ સમા હતા અને દર્શન માત્રથી પ્રસન્નતાના પ્રેરક હતા.

પૂજ્યશ્રીના અંતરની વિશાળતા અને ઉદારતા મોટા મહેરામણનું સ્મરણ કરાવે એવી હતી. સૌ કોઈને અંતરના ઉમળકાથી આવકારતા. પૂજ્યશ્રી માટે કોઈ પોતાનું કે પરાયું નહોતું. તેઓશ્રી દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના ઊંડા જાણકાર હતા. માનવીને અને સમયને સારી રીતે ઓળખી જનારા વિચક્ષણ પુરુષ હતા. તેથી સર્વ સાધુ-સાધ્વીજી શ્રાવક-શ્રાવિકાઓના શિરછત્ર રૂપ બની રહેતા. તેઓશ્રીને કોઈ દિવસ સમુદાય, ગચ્છ, સંપ્રદાય, ધર્મ, સમાજ કે દેશનાં કોઈ બંધનો કે સીમાડાઓ નડયાં ન હતાં. પરિણામે, અનેકોના વાત્સલ્યમૂર્તિ બનીને, તેમનાં દુઃખદર્દ દૂર કરી, સૌને કલ્યાણમાર્ગે, સંયમમાર્ગે, ભક્તિમાર્ગે વાળવામાં સફળ થતા હતા. તેમનું એવું જ મહાન પાસું જ્ઞાનવિદ્યા–અભ્યાસ–સંશોધન–સંપાદનના સમર્થ ઉપાસક તરીકેનું પણ હતું. આ યુગમાં શાસ્ત્રોના રક્ષક અને ઉદ્ધારક તરીકે તેમણે જે શ્રુતભક્તિ કરી છે તેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. ધર્મસાધના તેમ જ વિદ્યોપાસનામાં પણ પૂજ્યશ્રી સમાનભાવ ધરાવતા હતા. પરિણામે દેશ–વિદેશના જૈન–જૈનેતર સમુદાયમાં સમાન ચાહના અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકયા હતા. તેમણે પદ્ધતિસરનું શિક્ષણ લીધું ન હોવા છતાં દાદાગુરુ આદર્શ શ્રમણપ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ અને વિદ્યામૂર્તિ ગુરુવર્ય શ્રી ચતુરવિજયજી મહારાજની છત્રછાયામાં અધ્યયનવૃત્તિને કેળવી શાસ્ત્રોદ્ધારમાં અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા. વેરવિખેર થયેલા પ્રાચીન જ્ઞાનભંડારોના વ્યવસ્થાપક તરીકે જૈન આગમસૂત્રો, અન્ય



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રીય ગ્રંથો તથા બીજા અનેક ગ્રંથોના સંશોધક–સંપાદક–ઉદ્ધારક તરીકે દાયકાઓ સુધી કામગીરી કરી તે તેમને અમરતા બક્ષે એટલી મહાન છે.

એવા એ મહાત્માનું વતન કપડવંજ. એ નગર પહેલેથી જ ધર્મના રંગે રંગાયેલું છે. એમાં ભાગ્યે જ એવું ઘર હશે, જ્યાંથી કોઈ ભાઈ કે બહેન સંયમમાર્ગે સંચર્યું ન હોય! કેટલાંક દૃષ્ટાંતો તો એવાં છે કે એક કુટુંબના બધા જ સભ્યોએ સંયમ સ્વીકાર્યો હોય! ભૂતકાળમાં ડોકિયું કરીએ તો, આગમસૂત્રોમાંનાં નવ અંગસૂત્રો પર વિશદ ટીકા રચનાર શ્રી અભયદેવસૂરિજી મહારાજની એ નિર્વાણભૂમિ છે. અને વર્તમાનમાં નિહાળીએ તો, બે સમર્થ આગમોદ્ધારકોની જન્મભૂમિ છે: એમાંના એક તે પૂ. આગમોદ્ધારક આચાર્ય શ્રીમદ્ વિજય-સાગરાનંદસૂરિજી મહારાજ અને બીજા તે પૂ. આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ. પૂ. શ્રી પુણ્યવિજયજીનો જન્મ સં. ૧૯૫૨ના કારતક સુદ પાંચમ (એટલે કે જ્ઞાનપાંચમ / લાભપાંચમ)ને દિવસે થયો હતો. પિતાનું નામ ડાહ્યાભાઈ અને માતાનું નામ માણેકબહેન હતું. માણેકબહેનને પાંચ સંતાન થયેલાં; તેમાંથી આ એક પુત્ર જ ઊછર્યો હતો. તેમનું સંસારી નામ મણિલાલ હતું. મણિલાલ ચાર–છ મહિનાના હતા ત્યારે મહોલ્લામાં લાગેલી આગમાંથી આબાદ રીતે ઊગરી ગયા હતા. પરંતુ, તેમનું જીવન કોઈ અપૂર્વ ઘટના માટે જ ઊગર્યું હોય તેમ, ૨૭ વર્ષની વયે માણેકબહેન વિધવા થયાં. જીવનયાપન માટે વૈરાગ્ય જ સાચો માર્ગ છે એમ માનતાં–સ્વીકારતાં માણેકબહેનને ૧૪ વર્ષના મણિલાલની ચિંતા વળગેલી હતી. પરંતુ કોઈ ધન્ય પળે એમનામાં વિચાર ઝબકચો કે, પુત્રને પણ ધર્મમય સંયમપંથે સાથે શા માટે ન લેવો? છેવટે બંનેએ દીક્ષા લેવાનું નક્કી કર્યું. સં. ૧૯૬૫ના મહા વદ પાંચમને શુભ દિવસે છાણી મુકામે પૂ. મુનિવર્યશ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિ શ્રી ચતુરવિજયજી મહારાજના શિષ્ય તરીકે દીક્ષા લીધી. મણિલાલ મુનિ શ્રી પુણ્યવિજયજી બન્યા. એ દિવસ પછી ધર્મપરાયણ માતાએ પણ પાલીતાણા મુકામે દીક્ષા લીધી અને સાધ્વીશ્રી રત્નશ્રીજી મહારાજ તરીકે ૫૭–૫૮ વર્ષનો સુદીર્ઘ સંયમપર્યાય પાળી ઈ. સ. ૧૯૬૬માં અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યાં.

દીક્ષા ગ્રહણ કરીને મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ અભ્યાસનિમગ્ન બની ગયા. એમાં દાદાગુરુ અને ગુરુવર્યશ્રીની વિદ્યાનિષ્ઠાનું તેજ ભળ્યું. પૂજ્યશ્રીનો શાસ્ત્રગ્રંથોનો ઉદ્ધાર કરવાનો રસ વધુ ને વધુ કેળવાતો ગયો. અન્ય પાસેથી માર્ગદર્શન મેળવવામાં કંઈ નાનપ નહીં. પંડિત-વર્ય શ્રી સુખલાલજીને પોતાના વિદ્યાગુરુ કહેવામાં ગૌરવ અનુભવતા. આગળ જતાં, પ્રાચીન લિપિઓ અને પ્રતોને ઉકેલવામાં પારંગત થયા. પાઠાંતરો નોંધવાં, પાઠાંતરોના નિર્ણય કરવા, પ્રેસકોપી તૈયાર કરવી, સમગ્ર ગ્રંથનું સુયોગ્ય સંકલન–સંપાદન કરવું, પ્રકાશનો કરવાં – એ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેવા લાગ્યા. જૈન ધર્મના સિદ્ધાંતોની સ્પષ્ટતા માટે અન્ય ધર્મગ્રંથોનો પણ ઊંડો અભ્યાસ કર્યો. બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મના મુખ્ય ગ્રંથોનું ગહન અધ્યયન કર્યું. પરિણામે, પૂજ્યશ્રી ભારતવર્ષની સંસ્કૃતિ, વિદ્યા, કળા, સાહિત્ય આદિના પ્રકાંડ પંડિત બની રહ્યા. તદુપરાંત, તેઓ જૈન આગમોના અજોડ અને સમર્થ જ્ઞાતા બન્યા. જૈનસાહિત્યના આ વિશાળ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્રના અનેક પ્રવાહો અને આંતર્ પ્રવાહોનો તલસ્પર્શી અને સર્વગ્રાહી અભ્યાસ કર્યો. તેઓશ્રીની આ જ્ઞાનોપાસના સત્યશોધક, દુરાગ્રહમુક્ત, સારગ્રાહી અને નિર્ભેળ હતી. આવી તટસ્થ, તુલનાત્મક અને ઐતિહાસિક દૃષ્ટિથી તેઓશ્રીએ પોતાના ગુરુદેવ સાથે અને અન્યો સાથે તેમ જ સ્વતંત્ર-પણે પણ, જૈનસાહિત્યના વિવિધ વિષયના પ્રાચીન સંખ્યાબંધ ગ્રંથોનું આધુનિક વૈજ્ઞાનિક સંશોધન-પદ્ધતિ પ્રમાણે નમૂનેદાર સંશોધન–સંપાદન કર્યું. પૂજ્યશ્રીના આ અગાધ જ્ઞાન અને અથાગ પુરુષાર્થને અંજલિ રૂપે વડોદરાના શ્રીસંઘે તેમને 'આગમપ્રભાકર'નું સાર્થક બિરુદ આપ્યું હતું. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે હાથ ધરેલી મૂળ આગમોને પ્રકાશિત કરવાની મોટી યોજના તેઓશ્રીના અને પંડિત દલસુખભાઈ માલવણિયાના સંપાદન નીચે આગળ વધી. તે ઉપરાંત, પૂજ્યશ્રીની પ્રતિષ્ઠા પ્રાચીન જ્ઞાનભંડારોના ઉદ્ધારક તરીકે પણ છે. તેઓશ્રીએ અવિરત પુરુષાર્થ કરીને લીંબડી, પાટણ, ખંભાત, છાણી, વડોદરા, અમદાવાદ, જેસલમેર, બીકાનેર, જોધપુર વગેરે સ્થળોના જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરીને જીવતદાન આપ્યું. આ ગ્રંથભંડારોનો ઉપયોગ સહેલાઈથી થઈ શકે તેવી વ્યવસ્થા કરી. જીર્ણશીર્ણ થયેલાં આ વિરલ ગ્રંથોની સાચવણીની બાબતમાં તેઓશ્રી સિદ્ધહસ્ત કલાવિશારદ હતા, તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. જેમ જ્ઞાનોપાસના કરતાં કરતાં અન્ય ધર્મશાસ્ત્રોમાં પારંગત બન્યા હતા, તેમ જ્ઞાનભંડારોની વ્યવસ્થા કરતાં કરતાં પ્રાચીન ચિત્રકળા, લિપિશાસ્ત્ર, શિલ્પ, સ્થાપત્ય, સિક્કા, મૂર્તિઓ આદિ વિષયક પુરાતત્ત્વશાસ્ત્રનું પણ વિશદ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને પ્રાચીન ગ્રંથ, ચિત્ર, શિલ્પ, સ્થાપત્યની મુલવણી કરવામાં નિપુણ બન્યા હતા. પૂજ્યશ્રીના સમગ્ર જીવનના સારરૂપે કહી શકાય કે પ્રાચીન ગ્રંથોના ઉદ્ધાર માટે જ તેઓશ્રીએ અવતાર ધારણ કર્યો હતો. સં. ૧૯૯૫માં સંગ્રહણીનો ઉગ્ર વ્યાધિ થઈ આવ્યો ત્યારે પણ તેઓશ્રી તો અડગ નિશ્ચલતાથી સંશોધનકાર્યમાં વ્યસ્ત રહેતા. પંચોતેર વર્ષની વૃદ્ધાવસ્થાએ 'કથારત્નકોષ' જેવા મહાગ્રંથનું અને 'નિશીથચૂર્ણિ' જેવા કઠિન ગ્રંથનું અધ્યયન કરતા હતા. આ સર્વ તેઓશ્રીની વિદ્યોપાસના અને ધર્મસાધનાનાં ઉત્તમ ઉદાહરણો છે. જેસલમેરના જ્ઞાનભંડારોના ઉદ્ધાર માટે પૂજ્યશ્રીએ વેઠેલી વિપત્તિઓ અને સોળ મહિનાના અગાધ પુરુષાર્થને વીસરાય તેમ નથી. તે સમયે અમદાવાદથી જેસલમેર જતાં વહેલી પરોઢે ૧૫–૧૭ ફૂટ નીચે પટકાઈ પડ્યા હતા. જેસલમેરની કામગીરીથી પ્રભાવિત થઈ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીએ 'પ્રાકૃત ટેક્સ્ટ્સ સોસાયટી'ની સ્થાપના કરવામાં રસ લીધો હતો. દરમિયાન શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ત્યાં ગયા હતા. તેઓ પણ મહારાજશ્રીની આ પ્રવૃત્તિથી અત્યંત પ્રભાવિત થયા અને સને ૧૯૫૭માં અમદાવાદમાં તેમણે 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ની સ્થાપના કરી, જે સંસ્થા આજે આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત છે. એવી જ રીતે, પૂજ્યશ્રીની પ્રેરણાથી પાટણમાં સં. ૧૯૯૫માં 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર'ની સ્થાપના થઈ. આવી અસાધારણ જ્ઞાનોપાસનાના પરિણામ સ્વરૂપ ઈ. સ. ૧૯૫૯માં અમદાવાદમાં યોજાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના વીસમા અધિવેશનમાં ઇતિહાસ–પુરાતત્ત્વ વિભાગના અધ્યક્ષસ્થાને વરાયા હતા. ઈ. સ. ૧૯૬૧માં કાશ્મીરમાં મળેલી ઑલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સમાં જૈન અને પ્રાકૃત સાહિત્ય વિભાગના પ્રમુખ નિમાયા હતા. પ્રાચીન શાસ્ત્રોનાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયમાં પીએચ.ડી.ના પરીક્ષક તરીકે પણ તેઓશ્રીની નિમણૂક થયેલી હતી. આમ, પૂજ્યશ્રી વિદ્યાસાધનાના બહુમુખી કેન્દ્ર સમા બની રહ્યા હતા. પોતાની આ જ્ઞાનરાશિનો સૌ કોઈ ને સરળતાથી અને સમભાવથી લાભ મળી રહે તેની તેઓશ્રી ખેવના કરતા. આ કાર્યમાં કૃપણતા કે દીનતા રાખતા નહીં. ઊલટું, કીર્તિની કામના કર્યા વગર અન્યને ઉપયોગી થવામાં સાર્થકતા સમજતા. તેમ છતાં એટલા જ વિનયી અને વિનમ્ર રહેતા. આગમ-પ્રકાશનના પ્રથમ ગ્રંથના પ્રકાશન સમયે પૂજ્યશ્રીએ વિનમ્રભાવે કહ્યું હતું : 'આ આગમો તૈયાર કરીએ છીએ તે વિદ્વાનો તપાસે. તપાસીને તેમાં સ્ખલનો હોય કે સંપાદનપદ્ધતિમાં દોષ હોય તો તેનું ભાન કરાવશે તો અમે રાજી થઈશું. સ્તુતિ કરનાર તો ઘણા મળે છે; પરંતુ ત્રુટિ દેખાડનારા વિદ્વાનો ઓછા મળે છે. હું ઇચ્છું છું કે કોઈ ત્રુટિઓ બતાવે. અમે એ લક્ષમાં લઈ ભવિષ્યે થનારાં સંપાદનોમાં એનો ઉપયોગ કરીશું.' આવી અનન્ય વિનમ્રતા જવલ્લેજ જોવા મળે !

પૂજ્યશ્રીના આ કાર્યની મહત્તા દર્શાવતાં પંડિતવર્ય શ્રી સુખલાલજીએ એક સ્થળે કહ્યું હતું : 'મુનિશ્રી પુણ્યવિજયજીનું અત્યાર સુધીનું કામ ન કેવળ જૈન-પરંપરા સાથે જ સંબંધ રાખે છે, અને ન કેવળ ભારતીય સંસ્કૃતિ સાથે જ સંબંધ ધરાવે છે; બલ્કે, માનવ-સંસ્કૃતિની દૃષ્ટિએ પણ અત્યંત ઉપયોગી છે. જ્યારે હું એ વાતનો વિચાર કરું છું કે તેઓનું આ કાર્ય અનેક સંશોધક વિદ્વાનો માટે અનેકમુખી સામગ્રી રજૂ કરે છે અને અનેક વિદ્વાનોના પરિશ્રમને બચાવે છે ત્યારે એમના પ્રત્યેની કૃતજ્ઞતાથી હૈયું ભરાઈ જાય છે.' એવા એ આજીવન જ્ઞાનતપસ્વી, શ્રુતશીલવારિધિ, આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ મુંબઈ મુકામે કાળધર્મ પામ્યા ત્યારે અગણિત માનવસમુદાયની આંખો આંસુથી છલકાઈ ઊઠી હતી. તેમની અંતિમ યાત્રામાં દેશ દેશથી માનવ સમુદાય ઊમટ્યો હતો. પૂજ્યશ્રીની અનેક ગુણાનુવાદ-સભાઓ શહેરે શહેરમાં થઈ હતી. જ્ઞાનગરવા વટવૃક્ષ સમા એ મુનિવર્યને કોટિ કોટિ વંદના !

(સંકલન : સને ૧૯૭૧ના "જૈન" સાપ્તાહિક પત્રના અંકોમાંથી સાભાર.)

### સાઠથી વધુ મુમુક્ષુઓના દીક્ષાદાતા : 'જૈન સંસ્કૃતિરક્ષક સભા'ના સ્થાપક : ૧૭૫ ઉપરાંત જિનમંદિરોના જીર્ણોદ્ધારક : પોતાના સમગ્ર કુટુંબને સંયમમાર્ગે વાળનાર

## પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ

સમગ્ર ભારતવર્ષ આઝાદી માટેના નારાઓથી ગુંજતું હતું ત્યારે જિનશાસનનાં કેટલાંક તીર્થસ્થાનોને આઝાદી અને આબાદીના પંથે લઈ જવામાં અગ્રણી એવા ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજનો જન્મ થયો હતો. ઉત્તર ગુજરાતનું ગામ ઉનાવા, ઊંઝા પાસેનું મીરાંદાતાર. ત્યાં પિતા નહાલચંદ અને માતા ખુશીબહેનને ઘરે સં. ૧૯૫૭ના ભાદરવા સુદ ૭ને દિવસે એક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org